<table>
<tr><td rowspan="5">GJBK010034382023<br>सत्यमेव जयते</td><td>દાખલ તારીખ</td><td colspan="3">૨૬/૧૦/૨૦૨૩</td></tr>
<tr><td>રજીસ્ટર તારીખ</td><td colspan="3">૨૬/૧૦/૨૦૨૩</td></tr>
<tr><td>ફેસલ તારીખ</td><td colspan="3">૦૫/૦૬/૨૦૨૬</td></tr>
<tr><td rowspan="2">અવધી</td><td>વર્ષ</td><td>માસ</td><td>દિવસ</td></tr>
<tr><td>૦૨</td><td>૦૭</td><td>૨૧</td></tr>
</table>

**બનાસકાંઠા જિલ્લાના મહેરબાન ત્રીજા એડીશનલ સેશન્સ જજ**
**શ્રી અમિત જે. કાનાણી સાહેબની કોર્ટમાં,**
**મુકામ : પાલનપુર**

**ક્રિમીનલ પરચુરણ અરજ નંબર : ૮૯૮/૨૦૨૩**

**આંક**

**અરજદાર** : **શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**સામાવાળા** : **દિનેશભાઇ સુપારમલ જૈન (ચોરડીયા)**
રહે. ભારત આઇસ ફેકટરી, જુના ટેલીફોન એક્ષચેન્જ, પાલનપુર, તા. પાલનપુર, જિ. બનાસકાંઠા.

**અરજ** : ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૯(૨) નીચે સામાવાળાએ ક્રિ.પર.અરજ નં. ૨૮૭/૨૦૨૩ ના હુકમની શરતનો ભંગ કરેલ હોઇ, જામીન રદ કરી જયુડીશીયલ કસ્ટડીમાં લેવા બાબત.

**ગુન્હો** : અમીરગઢ પો.સ્ટે. ગુન્હા રજી. નં. ૧૧૧૯૫૦૦૩૨૦ ૬૪૦/૨૦૨૨ થી ઇ.પી.કોડની કલમ–૪૬૫,૪૬૭, ૪૬૮,૪૭૧,બ૪૦૬,૪૨૦,૧૧૪ મુજબ.

અરજદાર તરફે વિ. એડી.પી.પી. શ્રી ડી.એચ. છાપીયા
સામવાળા તરફે વિ. વકીલ શ્રી ટી.એમ. જોષી

**–:: જજમેન્ટ ::–**

૧. હાલની અરજી અરજદાર/શ્રી સરકાર તરફે ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૯(૨) અન્વયે અમીરગઢ પો.સ્ટે. ગુન્હા રજી. નં.

(અમિત જે. કાનાણી)
ત્રીજા એડી. સેશન્સ જજ,
પાલનપુર.

૧૧૧૯૫૦૦૩૨૦૬૪૦/૨૦૨૨ થી ઇ.પી.કોડની કલમ–૪૬૫, ૪૬૭,૪૬૮,૪૭૧,બ૪૦૬,૪૨૦,૧૧૪ મુજબના ગુન્હાના કામના આરોપી/સામાવાળાને અત્રેની કોર્ટે ક્રિ.પર.અરજ નં. ૨૮૭/૨૦૨૩ થી આગોતરા જામીન ઉપર શરતોને આધીન તા. ૧૨/૦૫/૨૦૨૩ ના હુકમથી મુકત કરેલ, જે હુકમની શરત નં. સી. મુજબ આરોપીએ કંન્શર્ન પો.સ્ટે. માં દર મહીનાની ૧ લી અને ૧૫ મી તારીખે સવારે ૧૦–૦૦ થી બપોરના ૨–૦૦ દરમ્યાન ચાર્જશીટ થતાં સુધી હાજરી પુરાવવાની શરત મુકવામાં આવેલ હતી. સામાવાળા/મુળ આરોપી સદર અરજી મંજુર કર્યા બાદ જુલાઇ–૨૦૨૩ ના માસમાં પો.સ્ટે. માં હાજર રહેલ ન હોય ઉપરોકત શરતનો ભંગ કરેલ હોય, સામાવાળા/મુળ આરોપીના જામીન રદ કરી જયુડીશીયલ કસ્ટડીમાં લેવાનો હુકમ કરવા સારૂ કરેલ છે.

૨. અરજદારની અરજી દાખલ થતાં સામાવાળાને નોટીસ કરતાં સામાવાળા તેમના વકીલ શ્રી ટી.એમ. જોષી મારફતે હાજર થયેલ છે અને અરજદારની અરજીની હકીકતોનો ઇન્કાર કરી તેઓએ કોઇ શરતોનો ભંગ કરેલ ન હોય, અરજદારની હાલની અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

3. અરજદારની અરજી તથા તેની સાથે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા તેમજ અરજદાર તથા સામાવાળાના વકીલશ્રીની રજુઆતો ધ્યાને લીધી. જામીનનો મેઇન આશય આરોપીની હાજરી છે. સદર ક્રિમી.પર.અરજ ૨૦૨૩ ની સાલમાં દાખલ થયેલ છે અને ત્રણેક વર્ષ જેટલો સમય થઇ ગયેલ છે. આરોપી નિયમિત કોર્ટમાં હાજર રહેલ છે, ચાર્જફ્રેમ થઇ ગયેલ છે. જામીનનો મુખ્ય આશય છે કે આરોપીની હાજરી નિયમિત જળવાઇ રહે. હાલના કામમાં આરોપીએ શરતભંગ કરેલ છે અને દલીલ ખાતર જો જામીન રદ કરવામાં આવે તો

(અમિત જે. કાનાણી)
ત્રીજા એડી. સેશન્સ જજ,
પાલનપુર.

ન્યાયનો હેતુ સિધ્ધ ન થાય. આરોપી જો કોર્ટમાં હાજર રહેતા ન હોય કે ટ્રાયલ ચલાવવામાં ડીલે કરતા હોય તો ચોકકસપણે સદરહું અરજીનો મેરીટસ પર નિર્ણય જરૂરી છે. હાલના કામમાં આરોપી નિયમીત ટ્રાયલ દરમ્યાન હાજર રહેશે ત્યારે કલોકને રીવર્સ કરવાથી કોઈ ફળદાયક પરિણામ મળી શકે તેમ નથી. આરોપી કોર્ટમાં હાજર રહેવામાં નિષ્ફળ જાય અથવા ટ્રાયલની કાર્યવાહીમાં વિલંબ કરે, તો તે સંજોગોમાં જામીન રદ કરવાની અરજીના ગુણદોષ (Merits) ઉપર વિચારણા કરવી યોગ્ય ગણાય. પરંતુ હાલ એવી કોઈ પરિસ્થિતિ અસ્તિત્વમાં નથી. તેથી, હાલના તબક્કે જામીન રદ કરવાનો અથવા અગાઉના આદેશમાં હસ્તક્ષેપ કરવાનો કોઈ ફળદાયી હેતુ સાધિત થતો નથી અને તે ન્યાયના હિતમાં પણ નથી. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–:: <u>હુકમ</u> ::–**

૧. અરજદાર/શ્રી સરકાર તરફેની આરોપીના જામીન રદ કરાવવા માટેની હાલની અરજી આથી નામંજુર (રદ) કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૫ મી માહે જૂન સને ૨૦૨૬ ના રોજ જાહેર કર્યો.

પાલનપુર
તા. ૦૫/૦૬/૨૦૨૬

(અમિત જે. કાનાણી)
ત્રીજા એડીશનલ સેશન્સ જજ,
બનાસકાંઠા–પાલનપુર
(કોડ નં. જી.જે.૦૦૬૬૨)

//raval//

(અમિત જે. કાનાણી)
ત્રીજા એડી. સેશન્સ જજ,
પાલનપુર.